PF-1601010101062201 Seat No. ______

# B. A. (Sem. VI) (CBCS) (W.E.F.2016) Examination

## March / April - 2020

## Gujarati

## (અપઠિત) *(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.

(2) દરેક પ્રશ્નના ગુણ સરખા છે, જે પ્રશ્નપત્રની જમણી બાજુ દર્શાવેલ છે.

1 નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : **14**

સમી સાંજનો ઢોલ ઢબૂકતો, જાન ઊઘલતી મ્હાલે,
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે -
પાદર બેસી ફફડી ઊઠતી
ઘરચોળાની ભાત,
ડૂસકે ડૂસકે હડસેલાતી
બાળપણાની વાત;
પૈડું સીંચતા રસ્તો આખો
કોલાહલમાં ખૂંપે,
શૈશવથી ચીતરેલી શેરી
સૂનકારમાં ડૂબે.
જાન વળાવી પાછો વળતો
દીવડો થરથર કંપે;
ખડકી પાસે ઊભો રહીને
અજવાળાને ઝંખે.
સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઊઘલતી મ્હાલે
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.

- અનિલ જોશી

**અથવા**

1 નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : 14

ક્ષણોને તોડવા બેસું તો વરસોનાં વરસ લાગે
બુકાની છોડવા બેસું તો વરસોનાં વરસ લાગે
કહો તો આ બધાં પ્રતિબિંબ હું હમણાં જ ભૂંસી દઉં
અરીસો ફોડવા બેસું તો વરસોના વરસ લાગે
કમળ-તંતુ સમા આ મૌનને તું તોડ મા નાહક
ફરીથી જોડવા બેસું તો વરસોનાં વરસ લાગે
આ સપનું તો બરફનો સ્તંભ છે, હમણાં જ ઓગળશે
હું એને ખોડવા બેસું તો વરસોનાં વરસ લાગે
મને સદ્ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા
ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે

- મનોજ ખંડેરિયા

2 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : 14

કવિતામાં સત્ય અને આનંદનું હોવું અનિવાર્ય છે, એનો અર્થ એ નથી કે કવિતામાં સત્યને સ્થાન નથી. કવિતા પણ એની પોતાની રીતે આ જગત અને જીવનને વ્યાપી રહેલા સત્યનું જ આકલન કરે છે. કલા માત્ર કોઈ ઉચ્ચતર ઊર્ધ્વતર સત્યનો આવિષ્કાર કરવાનો પ્રયત્ન કરે છે. પણ એ એની વિશિષ્ટ રીતે કરે છે. તત્ત્વજ્ઞાન કે વિજ્ઞાન જે રીતે સત્યને પ્રગટ કરે છે તે રીત કવિતાની નથી. તત્ત્વજ્ઞાની અને વિજ્ઞાનની રીત પૃથક્કરણની છે. એ બુદ્ધિથી વસ્તુનું સત્ય ગ્રહણ કરે છે ને બુદ્ધિથી સમજાય તે રીતે તેને પ્રગટ કરે છે. સત્યનો પરિચય કરાવવા માટે તેમને એમનાં સિદ્ધાંતસદને પહોંચવાનું પ્રત્યેક પગથિયું બતાવી ખાતરી કરાવવી પડે છે. એમાં તમારી સમક્ષ હકીકતોનો ખડકલો કરવામાં આવતો નથી. કવિતાનું સત્ય કેવળ બુદ્ધિથી ગ્રહણ કરવાનું હોતું નથી. એ જે આનંદ સર્જે છે તે આનંદમાંથી સત્યનું સહજ જ્ઞાન આપણને થઈ જાય છે.

- જયંત પાઠક

**અથવા**

2 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : 14

ટૂંકી વાર્તા છે લેખકની વિશિષ્ટ ભાવપરિસ્થિતિએ કથ્ય વૃત્તાંતની મદદથી લીધેલો કલાઘાટ. ટૂંકીવાર્તામાં આ વૃત્તાંત વડે શબ્દદેહ પામેલી ભાવપરિસ્થિતિ એ પોતે જ જીવનરહસ્ય-જીવન સૌન્દર્ય છે, બલકે જીવનનું રહસ્યભૂત સૌન્દર્ય છે. ટૂંકી વાર્તામાં આ સૌન્દર્યની આભા એ કલાના આનંદનો અનુભવ કરાવે છે. એ આનંદના મૂળમાં છે વાર્તા. લેખકની વિશિષ્ટ ભાવપરિસ્થિતિ. જૂની કથાઓ બોધપ્રધાન, દૃષ્ટાંતરૂપ કે નરી કથનાત્મક હતી, જ્યારે આજની ટૂંકીવાર્તા લેખકની કોઈક વિશિષ્ટ ભાવપરિસ્થિતિને સાકાર કરવા મથતી શુદ્ધ કલાસર્જનની પ્રવૃત્તિ છે.

- ઉમાશંકર જોશી

3 નીચેના વિષય પર નિબંધ લખો. 14

'સત્યમેવ જયતે' અથવા જીવનમાં સત્યનું સ્થાન.

**અથવા**

3 નીચેના વિષય પર નિબંધ લખો. 14

વિદ્યાર્થી અને રાજકારણ

4 નીચેના વિષય પર નિબંધ લખો. 14

પુરુષાર્થનું જીવનમાં મહત્ત્વ

**અથવા**

4 નીચેના વિષય પર નિબંધ લખો. 14

ઈન્ટરનેટ : આશીર્વાદ કે અભિશાપ

5 નીચેનામાંથી કોઈ પણ **બે**ના જવાબ આપો : 14

(1) પ્રદૂષણ : એક સમસ્યા

(2) પુસ્તકો : માનવીના સાચા મિત્રો

(3) વિશ્વનો સળગતો પ્રશ્ન : આતંકવાદ

(4) એક સુશિક્ષિત બેકારની આત્મકથા.